||ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ કલ્યાણગુણાય નમ: || (૯૨).

## વિશ્વ કલ્યાણકારી ગુણ ધરાવતા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સંત નામદેવ કહે છે –

તને સગુણ કહું કે નિર્ગુણ રે.
સગુણ નિર્ગુણ તું એક ગોવિંદ રે.

અર્થાત્ : હે ગોવિંદ, તું જ સગુણ છે અને તું જ નિર્ગુણ છે. તો હું તને સગુણ કહું કે નિર્ગુણ?

નિર્ગુણ નિરાકાર પરમેશ્વર જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તે સગુણ રૂપમાં પ્રકટ થાય છે. તેમનું આ સગુણરૂપ વિશ્વકલ્યાણકારી હોય છે. જગદોદ્ધાર માટે જેમનું અવતરણ આ પૃથ્વી પર થયું છે તે ભગવાન શ્રી સત્ય સાઈ બાબા હંમેશાં વિશ્વકલ્યાણ કરવામાં મગ્ન હોય છે. (કાર્યરત હોય છે.)

ભગવાન બાબા કહે છે – " હું નાયક નથી પરંતુ સેવક છું. મારો જન્મ સેવા કરવા માટે થયો છે." અને આ વચન અનુસાર કેવળ તેમના નામ અને રૂપની ભક્તિ કરવાવાળાની જ નહીં, પરંતુ બધાની સેવા તે પોતાના કાર્ય વડે કરે છે.

" મારું જીવન એ જ મારો સંદેશ." એવું કહેવાવાળા સ્વામી તેમના બાળપણથી જ પોતે કલ્યાણગુણ ધરાવનારા છે એવું તેમની પ્રત્યેક કૃતિમાંથી સિદ્ધ કરતા આવ્યા.

બાળપણમાં ઘરની સામે આવતા ગરીબોને અન્નવસ્ત્ર આપવાની જીદ કરવાવાળા બાળ સત્યનારાયણે આગળ જતા પંઢરી ભજન મંડળની સ્થાપના કરવાથી કેવળ પુટ્ટપર્તિમાંની જ નહીં, પરંતુ આજુબાજુના ગામડાંની જનતાના આકર્ષણનું કેન્દ્ર બન્યા. આકર્ષણ એટલા માટે કે, આ ભજન મંડળ દ્વારા કેવળ તેઓ ભક્તિમાર્ગ જ નહીં, પરંતુ ઘર અને આસપાસની જગ્યાને પણ કેવી રીતે સ્વચ્છ રાખીને રોગોને દૂર રાખવા તેની ઉત્કૃષ્ટ (અતિઉચ્ચ) શિખામણ તેમણે બધાને આપી હતી.

અવતાર ધારણ કર્યા પછી માતા ઈશ્વરમ્મા ની ત્રણ ઈચ્છાઓ પૂરી કરવા માટે શિક્ષણ, આરોગ્ય અને પાણી પુરવઠો આ ત્રણ યોજના તેમણે શરૂ કરી. આખું વિશ્વ આજે આ યોજનાઓ પ્રત્યે આદર ભાવથી જુએ છે. શિક્ષણ અને આરોગ્ય જેવી યોજનાનો લાભ વિશ્વની કોઈપણ વ્યક્તિ લઈ શકે છે અને તેના માટે તેને કોઈ પ્રકારની કિંમત ચૂકવવી પડતી નથી. વિનામૂલ્ય આ યોજનાનો લાભ કોઈપણ લઈ શકે છે.

આવું કાર્ય કેવળ વિશ્વકલ્યાણકારી ગુણ ધરાવતા પરમેશ્વર જ કરી શકે છે.ખૂબ પહેલાં જ્યારે ભક્તોની સંખ્યા મર્યાદિત હતી ત્યારે પ્રશાંતિનિલયમમાં દરરોજ સવાર સાંજ આશરે એક દોઢ કલાક ભજન થતા . ભજન થયા પછી (૧) પાવન પુરુષા સાઈશા, (૨) ૐ જય જગદીશ હરે, (૩) કાયો કરુણાનિધે આવી ત્રણ આરતી થતી. આરતી થયા પછી મંદિરના પૂજારી મોટેથી ઘોષણા કરતા-' બોલો ભગવાન શ્રી સત્ય સાઈ બાબા કી જય બોલો પુટ્ટપર્તિ મહાત્મા શ્રી સચ્ચિદાનંદ મૂર્તિ કી જયા ' અને ઉપસ્થિત બધા ભક્તો એક સૂરમાં મોટેથી ' જય ' એવો ઘોષ કરતા.

આગળ જતા સ્વામીના સેવાકાર્યની ગતિ અદભુત રીતે વધવા લાગી ત્યારે ભજનનો સમય ઓછો કરવામાં આવ્યો. એક જ આરતી કરવી એવું સ્વામીએ કહ્યું. ત્યારપછી થોડાક વર્ષો બાદ સ્વામી બોલ્યા-"જ્યારે તમે મારી શુદ્ધ અંતઃ કરણથી, પવિત્ર ભાવનાથી, નિઃસ્વાર્થી મનથી પ્રાર્થના કરો છો ત્યારે મારી કૃપાદૃષ્ટિ હંમેશાં તમારા પર રહે છે. જ્યારે કોઈ વ્યક્તિએ પૂર્વજન્મમાં અથવા પૂર્વાયુષ્યમાં કોઈ ત્યાગ કર્યો હોય તો તેના પર સ્વામીની વિશેષ કૃપાદૃષ્ટિ હોય છે. તેના પર સ્વામી વિશેષ કૃપા કરતા હોય છે. પરમેશ્વર કૃપા વગર જીવવું કોઈને માટે શક્ય જ નથી. સ્વામીએ એકવાર એવું કહ્યું હતુ કે- " આરતી થયા પછી તમે જે ' જય ઘોષ' કરો છો તે મને ગમતું નથી. તેના બદલે લોકા સમસ્તાઃ સુખિનો ભવન્તુ એવું ત્રણ વખત બોલો અને ત્યાર પછી ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એમ બોલો. આનો અર્થ સંપૂર્ણ લોકના (ત્રીલોક્ય) પ્રાણીમાત્ર સુખી થાઓ. બધાને શાંતિ પ્રાપ્ત થાઓ. આવો વિચાર કેવળ વિશ્વકલ્યાણકારી અલૌકિક ગુણ ધરાવતા સ્વામી જ કરી શકે છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||